ૐ શાન્તીનાથ નમઃ

સતી સરયુ ચંદ્ર

નાટકનાં ગાયનો.

ખાસ મોરબી ગુજરાતી નાટક કંપની માટે

રચનાર,
માસ્તર સોમચંદ અમરસી
ઉસ્તાદ ગુલામ ગુલાબ.

છપાવી પ્રસિદ્ધ કરનાર,
પંડ્યા મયાશંકર શીવશંકર મેનેજર.

આવૃત્તી પહેલી. પ્રત ૧૫૦૦.

અમદાવાદ—"વિજય પ્રવર્તક" પ્રેસ.

સંવત ૧૯[illegible] સને ૧૯૦[illegible]

કીમત ૦—૨—૦.

સતી સરયુ ચંદ્ર નાટકના ગાયનો.

મંગળાચરણ.

સર્વેપાત્રો— ૧

અહો વિશ્વપતી આ સ્તુતી કરીયે તાહરી,
સહાય થાઓ શ્રી હરી.
કુગતી કાપી સુમતી ધારી, અચળ નીતી આ સંસારી. અહો.
કર્મ કરે જન જગમાં જેવું નકી પામે તે ફળ તેવું,
તારી ગતિ, વિશ્વપતિ, પહોંચે ન મતી, ધન્ય કૃતિ,
વાહ જગરાય તું પીતા, તું માતા, તું દાતા, સાક્ષાતા;
ચંદ્રની છે ચઢતી કળા. અહો.

નટી— ૨

ઘનઘોર ઘટા સ્વામીનાથ ચપળા ચમકે (૨)
વાદળ ઘેરાયું ઘમકે. ઘન.
શ્રાવણ આવ્યો સાયબા, ખીલી રૂતુની બહાર;
હરીયાળી ભુમી દીસે, નીર્મળ નીર અપાર. ઘન.

સુત્રધાર— ૩

સારંગ ધરનાર વાહવાહ મોરારી (૨)
કષ્ટ સૌ નિવારી વિઘ્ન દે વિદારી. સા.
શાહાબાશ સતી સરયુ છે શાહાબાશ,

ધર્મ હૃદયે ધારી, હીમત નહીં હારી, ધન્ય સતી નારી;
શાહાબાશ સતી સરયુ છે શાહાબાશ. સા.

સરયુ, સખીઓ— ૪

ચાલો ઉમંગે સૌ મળી સંગે, હળી મળી દરશન કરવારેજી. (૨)
પુજન કરીયે (૨) જેથી ભવસીંધુ તરીયે.
સુખકર સ્વામી આપે પ્રભુજી, જેથી આનંદ ધરીયેરે;
શ્રીહરી ચરણે શીશ નમાવી, હર્ષ અતી આ હૃદયે ધરીયેરે. પુજન.

બ્રાહ્મણ— ૫

લાડુ લાડુ હું જપતો મળે ક્યારે મળે ક્યારે (૨)
પ્યારા મારા હે લાડવા લાડવાને ઝટપટ ખાઉં,
ખાઉં લાડુ, ભરી ગાડું, વાહવાહ, જરી નહી છાંડુ;
કોઇ કહે આજ ખવરાવું લાડુ તો થાઉં ખુશી હું વાહવાહવાહ;
લાડુ, લાડુ લાડુ લાડુ, મળે કયારે મુજને વાહવાહવાહ. લાડુ.

સરયુ, સખીઓ— ૬

અરે મમ નાથની સાથ, રહું ક્યારે હરીરે (૨)
આ દીન રાતના કલ્પાંતથી જાઉં મરીરે. અરે.
રે લટકાળી ને ચટકાળી, પ્રેમી જનથી લઇલે તાળી (૨)
બોલ નહી આવું ફરી, ઘેલી શું ધારીરે. અરે.
છબીલા છેલ વિના,
ચુપ રહે બોલમાં
છબીલા છેલ વિના, શું અકળાણીરે.
વળી બોલી કે
વાહ વાહ મદ ઘેલી બનેલી નાર, સુધારો જીંદગીનો સાર;
સહાય છે શ્રી હરીરે. અરે.

સરયુ— ૭

મદન સતાવે હાય, કરૂં શું મદન સતાવે હાય (૨)
અંગ અંગ અતી જંગ મચાવે, ચીત ખરે ચકડોળ ચડાવે;
તર્ક વીતર્કો થાય. કરૂંશું.
પ્રાણપતી વીણુ ઘડી ઘડી પલ પલ, ચેન નહિ ચીતમાંય. કરૂંશું.

સરયુ— ૮

અરે આ જોબન વિતી જાય, સખી કાન્ત વિના હાય કરૂંશું. (૨)
કામ દમે મનમાં શું ઉચરૂં, લાય બળે શું થાય. અરે.
અંગો અંગમાં લાય બળેછે, બેભાન બની મુજ દેહ દમે છે,
હાય હાય શું થાય, હદય ચીરાય, અતી અકળાય. અરે.

૯

પ્રીત કેવી લાગી પ્રેમથી, ભેટી રહીશું સ્નેહથી. પ્રીત.
વૃક્ષ અધીક મુજથી અરે ભારીરે, ઉતરી ગઇ હું તેમથી. પ્રીત.

સરયુ, સખીયો— ૧૦

એક ચંપો ને મરવો ડોલરીયો (૨)
લાવી રોપ્યોરે રાધાજીને આંગણીયે.
એનાં ફુલડાં થયાં દસ પાંખડીયા;
વહાલે સૌને દીધાં સંભારીને,
રાણી રાધાજીને મેલ્યાં વીસારીને;
જાઓ જાઓરે જુઠડા નહી બોલું,
કાળા કૃશ્નજીની સાથે હું તો નહી બોલું;
મીઠા માવજીની સાથે હુ તો નહી બોલું,
કાનકુંવર અલબેલડા, છોગાળાછો છેલ;
કામ સગા દીપો તમે, જરી ન દીસે મેલ,

હો રંગરસીયા ક્યાં રમીઆવ્યા રાતજો;
આંખલડી રાતીરે ઉજાગરા બહુરે થયા,
આશા ભર્યાં અમે આવીયાં, વહાલે કર્યાં નીરાશ;
કામણગારા કાનજી, તેનો શો વિશ્વાસ.'
લાવો લાવો રે કળસ અમે ગા દોઇએ;
અમે તેનીરે મસે હરીના મુખ જોઇયે.

મોતનજાન— ૧૧

જાન કીતનેકો બેચોગે બાળા જોબન;
બાળા જોબન, મતવાલા જોબન. જાન.
પ્રીત કરોગે, કરને ન દઉંગી;
ગરૂંસે મીલનેકી ખાઓ કસમ. જાન.
નાલસ કરોગે, કરને ન દઉંગી;
દાલી કુતવાલીપે મેરા હુકમ. જાન.

સરજુ— ૧૨

પાપી સત્વર લેતું ભલે મારા પ્રાણ,
નકી થશે હાણ, જશે તુજ પ્રાણ, સમજ ઓ નાદાન;
ભુલી ન જા ભાન. પાપી.
નાર જે પરાઈ ધાર, નર્ક તણું જાણ દ્વાર;
હું અબળાછું નીરાધાર જરા દીલમાં તું વિચાર;
સમજ અવીચારી, થશે તુજ ખ્વારી, હાય.........પાપી.

સરજુ— ૧૩

હાય ફસી જગદીશ પાપી હાથે, હાય ફસી જગદીશ;
અતીશે દુખ આ શીરપર પડીયું, સહાય કરો જગદીશ. પાપી.

સાધુને સંતાપ્યા હશે, દીન દુખ આપ્યાં હશે;
પુર્વે પાપ બો ભારી, તેથી નડે છે અહો ઇશ. પાપી.

સરસુ— ૧૪

હું અબળા રોઉં દીન રાત પ્રભુજી, હાય વીખુટી પડી માત તાતથી. હું.
આ દીન દાસ રખડતી આવી ફસી અહીં ઇશ,
દુષ્ટ નીશાચર મારશે, તેથી બચાવો જગદીશ;
શ્રી હરી આવો મારી વારે (૨) હું.

ચંદ્ર— ૧૫

કર્મે કથા હું કહું શું મારી, હાય ગયો હું હારી, હવે સહાય કરો મોરારીરેજી.

સગા સંબંધી કુટુંબ કબીલા, ક્યાં પીતુ માતા મારીરેજી.
રાજ સંપતી ક્યાં રહી મારી, વન વન ભટકું ભારી;
હવે કરીશ દેહની ખ્વારીરેજી.

ચંદ્ર— ૧૬

આ વીકટ વન છે ભારી, પહોંચે નહી મતી કાંઇ મારી. આ૦
શ્રમ થયો અતી તનને મારા, શક્તી ગઇ સૌ મારી. આ૦
મુખ થયું મંદ ચંદ સમ મારૂં, મહેર કરો મોરારી. આ૦
બાળ તણી પ્રભુ રક્ષા કરજો, મેળવ સગા સંસારી. આ૦

સરસુ— ૧૭

કર્મ ગતી છે ન્યારી, પ્રભુની ક્યાં રંક ને ક્યાં રાય,
કાળચક્ર શીરપર ફરે છે, ફસે આવી તે માંય;
ફસાણી હાય પાપી ને હાથ હા, ક્યાં રહ્યાં માત ને તાત. ફસાણી.

સરસુ— ૧૮

કોઇ બચાવો આ અબળાને, દુષ્ટ રાક્ષસને ઠાર કરીને. કોઇ. (૨)

સરયુ, ચંદ્ર— ૧૯

હાયરે હાય ફસી પાપીને હાથ, કરો સહાય કુંવર તમે;
સુંદરી ધર તું ધીરજ આ વારી, પલમાં કરૂં એ પાપીની ખ્વારી;
ક્ષત્રીની રીતી ધારી, મુંકુ ના વીસારી, મુંઝાઓ નહી નારી;
જોઇ દુખી મુજ દીલ દમે. હાયરે.
કુંવર તમે છો કોમળ અંગના, દુખી શામાટે આઓ આ પ્રસંગમાં,
ઉગારો જો નારી, પામીછું દુખભારી, હવે ગઈ છું હારી;
હાય ચીત મારૂં ચકડોળ ભમે. હાયરે.

સરયુ, ચંદ્ર— ૨૦

રે નશીએ હાય, રખડી લાચાર છું;
આવી ક્યાંથી, ઓ રસીલી નાર તું. રે.
ઉપવન સખીયો સાથે જોવા, હું ગઇ. રે.
ત્યાં શું કાંઇ અકસ્માત થયું,
ત્યાંથી લાવ્યો દુષ્ટ મુજને, એ અહીં. રે.

સરયુ— ૨૧

સીધાવ્યા સું રસીયા, છોડી મુજને છેલા. સી૦
ધન્ય ધન્ય એ રાજ રતનને, મુજ માટે શીર સંકટ લઇને;
વાલમ હૃદય વસેલા. સી૦

ચંદ્ર— ૨૨

સુંદરી સલુણી વિના દુખ ભારી, હાલત હાય શું થઇ આ મારી. સું.
મુખ મનોહર નૌતમ નારી, તુજ વિણુ સુદ્ધી સઘળી વીસારી.
કર કૃપા મહેશ પ્રીતે ધ્યાસમાન સર્વ ચીતે,
પ્રભુ મેળવ મારી પ્યારી અરે, સતી વિયોગે મન મુંઝાઇ મરે;
વહાલી વિયોગે પ્રાણુ આ મારો, જાશે પ્રભુજી જરૂર ધારો. પ્રભુ.

ચંદ્ર— ૨૩

પ્રભુજી પ્રીતેથી આવો દીન દાસ ધારી,
દશા દુખીયારી અહીં આવી શું મારી; પ્રભુજી.
કંઇક કરતા નર જગમાં લાચારી,
ભટકે ભવમાં નર ઘણાજ ભીખારી. પ્રભુજી
રંકને કરે રાય તું, પોંચે નહીં મતી કોઇની;
સરયુ સતી રહી દીલ વસી, મેળવ તું મારી મોહીની;
કષ્ટ કર્મે કથા કહું ગીરધારી,
વીનતી વીભુજી સેજે ઉરગાં ઉતારી. પ્રભુજી.

મૃતીકા, ચંદ્ર— ૨૪

વાહ વાહરે મીઠા મોહનજી,—(૨)
રંગે રગાડો રસીયાજી;
અરે પણ તું છે કોણ,
અહાહા કેવો રૂપાળો છે;
પ્યારા લાગો છો પ્રીતમજી. રંગે૦
અરે ચંડાળણી દુર થા,
અરે જા અરે જા દુર થા કુલટા; વાહરે.
રંગીલા રસીલા યાર, મારા હૈયા તણા હાર;
અરે જા અરે જા, દુર થા, કુલટા. વાહ વાહરે.

મૃતીકા, ચંદ્ર— ૨૫

પ્રેમે આવો પ્યારા પ્રીતમજી, મન માન્યા મારા મોહનજી. પ્રેમે.
જારે જારે, નીચ નારી દુર થા તું, ઓ ઠગારી;
વહાલી છું વહાલા મારા, આપની વાલમજી. પ્રેમે.

ચંદ્ર— ૨૬

મારૂં મન અતી ધડકે રે, હાય અંધકાર આ શો જણાય;
જાળીમં જંગલ જોઇ આ ભારી, મહેર મહેર તું કરજે મોરારી. મારૂં.
ઝુંડ ઝુંડ અતીશે ભયકારી, સીંહ ગર્જના થાયે છે ભારી;
સહાય કરો પ્રભુ તમે નીરધાર. મારૂં.

ચંદ્ર— ૨૭

અરરર અરરર ધીરજ મુજથી, કેમ ધરાય,
ધડક ધડક હૃદય મારૂં હાય થાય. અરર૦
થરર થરર કંપે કાય, તન મનમાં પ્રગટી લાય;
વિશ્વપતી વહારે ધાય, તો તો કામ સફળ થાય;
અરે હાય શું થાય. આ. અરર૦

આકાશવાણી—

ધીરજ ધર નર કીજીએ, સફળ કામ થાય સીદ્ધ;
હીમત હારે ના સરે, પામે તે નવનીધ.

ચંદ્ર— ૨૮

અરે હાય આ શું થયું, માયા અપરંમ જાળ,
ધડક ધડક મુજ હૃદય ધડકે, થરર થરર જીવ કંપે અતી;
શ્રીપતી, આ વિપતી વિદારી, કર કરૂણા કમળાપતી. અરે૦
હું તનમનથી થયો હેરાન, શુદ્ધી ભુલ્યો સઘળી સાન;
મહેર કરો મુજપર મોરારી, પળમાં મરૂં. (ટે) અરે હાય૦

ચંદ્ર— ૨૯

મહેર કરી મુજપર પ્રભુ પ્યાર ધરી,
માનું ઉપકાર આજે તારો શ્રીહરી.

દુઃખને દીધું વિદારી, સુખ શાન્તિ આપી સારી;
મોસરી મોરારી વાહ વાહ, કેવી લીલાઓ આ તારી.—મહેર.

સરજુ— ૩૦

કર કરૂણા કીરતાર કહું હું કરગરીને,
અબળા હું છું અનાથ મરૂં કેમ ધીર ધરીરે. કર.
બળતામાંથી બાળ ઉગાર્યા, ગજેંદ્રની પ્રભુ વારે ધાયા,
આ રણને આવીને કરો, સાહ્ય હરીરે. કર.

સરજુ, રાક્ષસ— ૩૧

ગાન જરા મારૂં કહ્યું પ્યારી ગાન,
ચુપ તું નાદાન, શું બકે હેવાન;
શું ચુપ રહે. (૩)
ઓ વ્યભિચારી શરમ શરમ છે,
મોજ મજા મુજ સાથે કરી લે,
નાહક કાં નાદાન બનીને, આમ બને તું અંધ;
રાવણ જેવા નાશ થયા છે, પરનારીની સંગ,
શું ચુપ રહે. (૩) ગાન જરા.

સરજુ, રાક્ષસ— ૨૨

હાય આશા મારી આમ શું એળે ગઈ,
માત તાત ભ્રાતથી, હું વીખુટી થઈ. હાય.
કેમ તારો જમારો પુરો થયો,
હા માર, બાળે ગાર, હું તૈયાર છું અહીં;
શાબાશ શાબાશ, હવે સમજી ગઈ,
નથી ગભરાટ કરે તું, ઘણી ડરે;
સંભાર સુંદરી, વિભુ ગોને કાં મરે. હાય.

સરયુ, ચંદ્ર— ૩૩

પ્રીતે આવો, ભાવે ભેટો મુજ પ્યારી,
આવોજી આવો આવો. પ્રીતે.
હવે શરમાઓ શાને, વ્હાલા પ્રીતમજી મારા;
ચાલોજી ચાલોજી ચાલોજી મહાલોજી. પ્રીતે.

(પહેલો અંક સમાપ્ત.)

અંક બીજો.

રૂડકી, છોકરો— ૩૪

પીટયા તું શીદ પજવેરે, જા દુર અહીંથી થા,
ઓ માડી, ઓ માડી, ભુખ લાગીરે ગયા બાપા મારા કયાં.
મુવા અહીંથી તું જા, તારા બાપનું કાળજું ખા;
રીસ ચઢી કાં તુજને માડી, દેતી ખાવા હાંડી હાંડી.
મુવા ચાલ્યો તું જા, વે'લો મસાણુ ભેગો થા,
વોય વોય બાપા વોય વોય વોય. પીટયા.

રૂડકી, છોકરો, રૂડીયો— ૩૫

આવ રૂડકી હવે તને લાડ લડાવું,
તારી સાથે મોજ શોક હું રોજ ઉડાવું;
જા જા મુરખ શું બકેછે દુર અહીંથી થા,
રૂખડ કાકો હાંકલી કુટે જો જો મજા આ. આવ.

રાંડ બોલતાં ફાટી ગઇ શું, તડ તમાચો ચોડી દેશ;
છોકરડા ભુખે મરેછે, ખાવા ન મળે લેશ. ચાલ.
રાંડ કહે હું લાવું ક્યાંથી, રઝળ્યો વને વન;
પરમેશ્વરે દીધા દહાડા, ન મળે ખાવા અંન. ચાલ.
મારે કરમે ક્યાંથી પીટયા, મળીયો તું ભરથાર;
જા જા લુચી રાંડ અહીંથી,
લે માર ખાસે તું માર— ચાલ.

ઠુમરી, છાકરો રૂડીયા— ૩૬

તું મુકી દેને મને, જવાદે ઓ માવડી,
જેની નામ આણું ઠામ;
કરીને કામ, આવું આમ, પહોચું ધામ. તું.
રાંડ દુઃખી હાં થાતું હાથે,
બાપા આવું તારો હાથે;
જા જા રોયા તેની સાથે,
કુમારજા કજીઆરી જાગી.
જો જો મજા આ. તું.
બાપા કેવું માનો મારૂં, હાલો હાલો પીવો દારૂ;
બનેતું હું મોતજ ધારૂં;
બાપુડી શીદ રીસ કરે છે, હુંછું તારો ગલામ;
દુર અહીંથી મારા રડયા, જાગ્યો તું હજામ;
લેલે બાપા લેલે બાપા બનાવ્યો હજામ. તું.

દરબારી— ૩૭

જામો કીરતી શીર છત્રધારી,
સેવકો તમારા આ, આશીષ ઉરથી આપે આજ;

જય જય જય થયો વીજય હરી,
તાજ તખ્ત દીધું તેં ફરી. જયો.

વારાંગના— ૩૮

અમર કીરતી યશ સ્થાપજો, વીભુ શાગજો;
દુઃખ વામજો, સુખ જાગજો, વીભુ શામજો. અમર.
નીશદીન યશ તગ જગમાં પસરજો,
સહુજન વારી વારી જાયે તગપર;
દુઃખ વામજો, સુખ પામજો, વીભુ શાગજો. અમર.
વાહ વાહ પ્રભુ તારી લીલા અતી ન્યારી.
જાયે વારી વારી તુજપરે,
દુઃખ વામજો, સુખ જાગજો, વીભુ શાગજો. અમર.

દરબારી— ૩૯

જામો કીરતી જશ, જગતમાં મહારાજ,
આશીષ ઉચરીએ આજ, અવીચળ રહો તમ શીરતાજ;
શત્રુ પરાજય પામો, જે આવે આપની સામો;
ધન્ય ધન્ય આજ, હરી રાખી લાજ, કરી કૃપા આજ.
જયજય રઘુરાજ.

ચંદ્ર— ૪૦

પાપી રણુમાં રોણું લાગે, હવે શું નાશી તું જાયે રણુમાં.
તેં માંડ્યો આવી ઉત્પાત, અરે કમબખત,
વીચારી ન વાત, મારું બળમાંએ. રણુમાં.
મુને પ્રગટી ઉરમાં લાય, જાઉં રણુમાંય,
ભરી હસી સાંય, થઈ કરમાંએ. રણુમાં.

સરસ્વ, સાહેલીઓ— ૪૧

જાગો જાગોરે શાણી સાહેલી,
વીતી આ રાત ઘેલી, સુનીકે શું નવેલી. જાગો.
આળસ તજદે હરીને ભજદે, રટી પ્રીતમ નામને,
કરી શુભ કામને, અહો અલબેલી. જાગો.
સુધરે આ સંસાર, નીત્ય નામ કીરતાર,
પ્રાંચ પતીસંગ, રમું સદા રંગ, ઉરમાં અનંગ, ધરૂં હું ઉમંગ;
બની શું ઘેલી ઘેલી. જાગો.

સરસ્વ, સાહેલીઓ— ૪૨

અશુભ સ્વપ્ન આવ્યું સખી. શું હું કરૂંરે,
શું હું કરૂંરે ચીતમાં બળી હું મરૂંરે. અશુભ.
ચીતમાં ચીંતા છે અપાર, શાણી સખીઓરે,
કીરતારનો આધાર (૨) આવે વ્હારે વેગેરે. અશુભ.
સાહેલી ધર શાન્તી તું, સાચે શ્રી જગદીશ,
શત્રુને સંહારશે, કરી કૃપા એ ઇશ;
આવે જ્યારે ભરથાર (૨) ત્યારે શાન્તી ધરૂંરે. અશુભ.

સરસ્વ, ચંદ્ર— ૪૩

આવો સ્વામી સુખકાર,
સુંદરી સલુણી પ્રિય ગાઉરી;
હૃદય રંગાણુ હાર,
વાણી મધુરી વદાંલી તાલની.
પતી પ્રેમ રસના પીનારા,
પાઉં પ્રીતી રસ હું દારા;

પ્યારા મારા પ્રાણુ આધાર,
સુંદરી શોભાગી નાર. વાણી.
આશીષ આપે આ દાસરે,
જય જય થશે પતી પ્યારારે;
નહીં નાથજી થશો જરી ન્યારારે.
વાહરે વાહ આ ... ... મારી શાણી સતીનાર,
દાસીછું. આપ તણી આ...મારા ભોગા ભરથાર. સુંદરી.

ચંદ્ર— ૪૪

વ્યાધી વહાલી દૂર કરીને ભજ તું શ્રી કીરતાર,
રહેજે અંહી હુંશીયાર, શત્રુનો શું ભાર. વ્યાધી.
સમજ સુંદરી પરી જરા ધીરજ ધરી,
દુશ્મનને કરૂં ઠાર, ધર હીંમત પ્યારી નાર. વ્યાધી.

ચંદ્ર, સરયુ— ૪૫

વહાલીરે, વ્યાકુળ નહી થા તું પ્યારી,
વ્હાલારે, વીખુટી નહી થનારી;
બની ઘેલી, કાં નવેલી, હઠછોડે નહી હઠીલી,
અંહી રહું હું કેમ એકેલી, નહી જાઓ નાથ મેલી;
ન જાઓ ઠેલી, આ રસવેલી,
ચાલ રસીલી, ન થાતું ઘેલી. વહાલીરે.

લશ્કર— ૪૬

કષ્ટ કાપ્યું, સુખ આપ્યું, તે શ્રી હરી,
ચંદ્રસેનનો જય જયકાર;
સુરા છો મારા સરદાર, રાજ્ય તણા પુરા આધાર,

દક્ષકૃપા છે અપરંપાર, કીરતી જામી જગ મોઝાર.
શાહબાશ છે શાહબાશ, નીતી ન્યાયના ભંડાર. ચંદ્ર.
સાહે મુજને શ્રી કીરતાર, શત્રુથી હું નહી ડરનાર;
સહુ લશ્કર છે તૈયાર આ વાર, ચંદ્રસેનનો જય જયકાર. કષ્ટ.

દુષ્ટરાય— ૪૭

ક્યારે પેખું હું પ્યારથી, પદ્મણી ક્યારે પેખું હું પ્યારથી,
ભાગ્યવંત હું ભારે ભુતળમાં, રંગે રમું એ નારથી. પદ્મણી.
સેજમાં લઇ સુખમાં રાચું, મારૂં ચંદ્ર આ કટારથી. પદ્મણી.

સરસ્વ, સાહેલીઓ— ૪૮

શાણી સૈયરો સો સાંભળો, શિક્ષા હીતકારી. હાંહાંરે શીક્ષા.
વિદ્યા વધારી લ્યો તમે કેળવણી સારી. હાંહાંરે કેળવણી.
અષ્ટપદે શોભાનું શીયળ વ્રત ભારી. હાંહાંરે સીયળ.
વિષય વિષ વિદારકે ધીક્કારી જારી. હાંહાંરે ધીક્કારી.

નારીઓ વ્યભીચારણી, વર્તે વરતન જે;
વિષય વિષ વિદારકે, પ્રગટ કરી છે તે.
તજવી તુરત તે તનથારે, અનીતીની રીતી;
ભરથારની ભાળવિરે, ડગ ભરતાં બીતી,
વળી વડીલની પાસેરે, વિનય વરતન રાખી;
લાજ લગીરે ન લોપવીરે, ભુંડું મુખથી ભાખી.
જગમાં જારી જે કરે, લજવી નીજ પરીવાર;
પેટ પડી માબાપને, ધર્યો જન્મ ધીક્કાર.
ધારી નકારી, જો જારી, ધીક્કારી, તે નારી પતીવ્રતવાળી કરે.
વ્હાલ વધારી, વિચારી સુધારીને, વેણુ વદી પતી ખુશ કરે;

સાંભળો તેવી સતીને સદાય, સદા સખી સુખી થશેરે;
પતી પાણી જેગો પય પાય, દુઃખ સહુ દુર જશેરે.
વાહાવાહ ? પતીવ્રતાઓને રંગ,
અહાહા ? સખી રહેવું સ્વામીનેરે સંગ. શાણી.

સરયુ, ચંદ્ર— ૪૯

આવો સ્વામી ગુણગામી, આશ જાઉં વારીવારી;
ન્યારી ન્યારી પ્રભુ ગતી, પામી સુખ પ્રીતે પ્યારી. આવો.
મંદમંદવાયુની લહેરો આ વનમાં, વીયોગીને આગ લાગે છે અંગમાં,
પ્રેમે પતાસંગ રાચું હું રંગમાં;
ચતુર ચોટી હું ભાગ ચીતડામાં. આવો.

સરયુ— ૫૦

વર્ષા ઋતુથી પ્રીય વાદળ વરસે, તૃમ થઇ પીયુપીયુ ગન તરસે (૨) વર્ષા.
વીજળડી ચમકાર કરે છે, વિરહીને ઉર આગ ધરે છે. (૨)
પ્રેમ ધરી પતી ચરણ હું ચાંપુ, સ્વામી શેવામાં આ તન આપું. (૨)

સરયુ— ૫૧

દુખીયારી આ દાસ બીચારી, આવી દુખમાં હરી;
વિયોગ પ્રાણપતીથી મારો, દીન દીન દુખણી કરી;
કહે શું હાય હરી, હા... ગયું દુખ ડુંગરથી ભરી. કહે.

દુષ્ટરાય, સરયુ— ૫૨

પ્રીતી રસ પ્યાલારે, પાઓ પ્રીયા પ્રેમે ભરી;
અજ્ઞાની અળગોરે, અપાપો શું આવ્યો અરી.
બળીઆરી વાનળ વહે, વસમા વેરી વેણ;
ભાવમાં ઝુલ્યો શું ભમે, ભાગ્યહીણ દુખદેણ.

વહાલી વ્યાકુળ ન થાતું જરી;
મેખ તારા મોઢામાં મારે શ્રીહરી. વહાલી.
કાંન્તી તારી જોઈ સારી, જાઉં વારી વારી જાન;
દુખીયારી તું દારા થામાં, આજ્ઞા મારી માન; વહાલી.
શરણુ પડી કરૂં અરજ હું તારી, મુરખ મનમાં જો તું વીચારી;
સાર ન લગાર થઇશ ખ્વાર અરી, ઇશનો અતી ગુન્હેગાર ઠરી. વહાલી.
પરનારી વીષની છરી, મનમાં મુરખ માન;
રાજ ગુમાવ્યું રાવણે, ખોઇ બેઠો જાન.
રંગીલી, રસીલી, છબીલી, હઠીલી, તું માન.
આમ શું બકેછે, પાપી બની બેમાન;
બાન ભુંડા ભુલી ન જા તારૂં ભાન,
પ્રીય જા સમજી સુંદરી. વહાલી.

સરજુ,ચંદ્ર— ૫૩

જાફ છોડી ઓ છબીલી, આ સમે;
જીવીને હું શું કરૂં, મરવું ગમે.
પુર્વે પાપ અપાર કર્યા હશે, મેં ઘણા;
માંડી વિધાતાની દશા, દારા દમે. જાફછોડી
હવે તું ન જા હીમત હારી, ઇશ્વરા સારૂ કરે તારી;
થઇછે હાલત આ મારી. હવે૦
લખ્યા લેખ લલાટમાં, ફેરવ્યા નહી ફરે;
પંડીત પુરાણી પાદરી, કરોડ ઉપાય કરે;
પ્રણામ, પ્રણામ, પ્રણામ, પ્રણામ.

છંદ— ૫૪

જન્મે એટલા જાયછે, નામજ તેનો નાશ;
ભજન કરો ભગવાનનું, કાપી દે જમ પાસ.
સંસાર સગજીલે શાણા મુસાફર ખાનુરે,
કોઇ નથી ટકયું અને કોઈ નથી ટકવાનુંરે. મુસાફર૦
સગાંને સંબધી તારાં, પંખીનો છે મેળોરે,
કાલનો સવારે ઉઠી, તારેતો જવાનુંરે. મુસાફર૦
સીતાપતી અરી ચૌદ ચોકડી, રાજ કર્યું વીસ્તાર.
આખર તે પણ આવીયો, કાળ મુખ નીરધાર.
દુર દેશછે તારો પ્યારા, અરે પરદેશી શાણા;
તારૂં ધાર્યું તેતો બાધ, ન્યારૂતો થવાનુંરે. મુસાફર૦
સંસારના આ ધામમાં, વિશ્રામછે ઘડી ચારનો;
કુંચો ન આવે કામથી, પળવારના આરામનો;
આળસ તજીદે તું ભજીલે, તંત્ર આ સંસારનો;
જાવું જરૂર પડશે ઉઠી, ડંકો થતાં દરબારનો,
સત્યની સીરોઇ નીતી, જળ ભરી રાખ શાણા;
ભાગવત ભજનમાં તારૂં, ભલુંનો થવાનુંરે મુસાફર૦
સોમ સંગાથે રહીને, ગુલામ ગરીબ થઇને;
પોતાના પુન્ય થકી, પાર તો થવાનુંરે. મુસાફર૦

છંદ— ૫૫

દયાળુ દેવ દેજે દોશ મારા તું નિવારી,
ભટકી ભવ વીશે ભગવાન ભુલ્યો ભાન ભારી.
રામા સંગે રમીયો રંગથી હું રે મોરારી,

પાપ અગાધ કાપી બાપ દેજે તું અપારી.
શરણે આવું ગતી મારી કરી દેજે તું સુધારી;
અંત સમે કરૂણા યુક્ત સ્તુતી આ ઉચ્ચારી.

રૂડકી, બીજી સ્ત્રીઓ— પદ

સીતા રામરામજીરે, કાચા સુતરનો તાંતણો,
વોય લાડણા, વોય વોય વોય.
તેને ત્રુટતાં ન લાગે વાર, વોય લાડણા વોય વોય વોય.
હાય હાય હાય હાય,
હાય કુવાનો પાવઠ પાડયો. હાય હાય૦
વાડી માંયલો માળી માર્યો. હાય હાય૦
જવાનીઓ જોબનમાં ગાર્યો. હાય હાય૦
હાંયરે બાંગીએ બાંગ ન દીધી. હાય હાય૦
હાયરે દીકરા હાય હાય.
કાન કુંવારો હાય હાય.
સીતા રામ રામરે કાચો ઘડોરે કુંભે ભર્યો,
વોય લાડણા વોય વોય વોય.
તેને ફુટતાં ન લાગે વાર મારા પ્રાણીયા
વોય લાડણા વોય વોય વોય.

બીજો અંક સમાપ્ત.

અંક ત્રીજો.

પ્રતાપભાનુ— ૫૭

આ વ્યર્થ જન્મ જાયે, પુત્રી વિયોગે હાયે.
દુખ દૈવ દે છું વિદારી, આ શી અવસ્થા મારી;
હાયે ગયો છું હારી, સાહ્ય કરો રઘુરાયે. આ૦

વાઘજી— ૫૮

કર્યું મેં કામ દુષ્ટ કેવું, મરવા વણુ મોતે જેવું;
પરણીને બેઠો છું બે નાર, પડે મસ્તક જુતીનો માર.
એક કને આવી કર પકડે, થરરર થડકે કાય,
બીજી બાથ ભરીને બોલે, કાળજું કોરી ખાય.
ચણીયો ચોળી સાડી સાબુ, દીધા વિણુ કયાં જાય,
બીજી કહે કર કંકણુ લાવો, ઝાંઝર જોશે પાય,
અરરર ચીત્તમાં થાય, કષ્ટ કોને જઇને કહેવું, મરવા વિણુ.

નવી જુની, વાઘજી— ૫૯

પીટયો પાપી આવ્યો, ખાવાનું નહી લાવ્યો.
મારા રોયા, રઝળવાની ટેવ છે.
ફાટી મુવા ફૂંદે, ફુસાવી ફરે છંદે;
મુરખા માટી, રઝળવાની ટેવ છે.
ઉછેદીઆને ઉંચો રાખો,
અમદીને ચટ ચોળી નાંખો;
હાય હાય રાંડો હાર્યો હું તો, સુજે નહી સ્વપ્નામાં સુનો;
લે મારા રોયા, લે લેતો જા.

હાય હાય રાંડો હાય હાર્યો હાય. પીટયો૦
જોજોરે ભાઈયો ઝગડો, આ બે બૈરીનો ધગડો;
આવો બેનો બાઇયો છોડાવો છુંદી નાંખશે;
આમ ન મારો, કાંઇક વીચારો, પુરૂષ તમારો,
જીવ અમારો લે થડકારો.
હુંતો ઝંડીયામાં જઇશ, વીષ ખાઇને મરીશ;
મુવા તુને માતાનું થાય, ઝટ ઝાંપડીયો ખાય;
ત્યારે મને સુખ થાય;
વાહ વાહરે, વાહવાહરે, વાહવાહરે. પીટયો૦

જોગીઓ— ૬૦

તનકર સકરા, મનકર બકરા, શબ્દુના ઝટકા દીજેરેજી.
કબુધી ખાલને કોરે કરીજે,માંયલાનો પ્રેમરસ પીજે,મન માયલા.
એડી એડી ગોઠું કીજેરેજી.
એડી એડી ગોઠું કીજે પ્રેમગુરૂ, સંતમળી રસ પીજેરેજી.
તનકર ચુલા, મનકર હંડીયા, સતના આધણુ દીજેરેજી;
કબુધી લાકડી, હેઠે જલાઇદે, ગ્યાનુની ફુંકું દીજે. મન માયલા.
એડી એડી ગોઠું કીજેરેજી.
લાલચ લસણુ, કબુધી કાચરી, મમતાની મરચી વાટીરેજી.
હલદી ધાણા નામ અલકરૂ, એડા મશાલા દીજે. મન માયલા.
એડી એડી ગોઠું કીજેરેજી.
સીલ સંતો બે રાંધવાને બેઠા, ખદબદ ખદબદ સીજેરેજી,
અભીમાન ઉભરાવા લાગ્યા, જરણાના ઢાંકણુ દીજે. મન માયલા.
એડી એડી ગોઠું કીજેરેજી.
સતગુરૂ આયા ભાત રચાયા પ્રેમના પાથર દીજેરેજી;

માળીને ગુરૂ પુરણુ મળીયા, સાચા શામપતી જે, મન માયલા;
એડી એડી ગોઠું કીજેરેજી.

જોગીઓ— ૬૧

બચ્ચા બહોત સુખ પાવેગા, સંકટ સબ દુર જાવેગા,
સીધી રાહપર જાઓ હાંસે, આશીશ અમારી ચેહે;
રાજ મીલેગા તુજકુ પ્યારે, ભગવત મન ભાવેગા. બચ્ચા.

ચંદ્ર— ૬૨

આ ગતી પ્રીયા વિયોગે થઇ, છે હશ અહીંયા મારી;
મહેર કરી મેળવ તું પ્યારી. આ.
રાજ્ય સંપતી કયાં મારી, ખ્વારી ભારી દે વિદારી,
ચરરર ચીતડું થાયે મારૂં, જીવીત હું ગયોછું હારી, આ.

ચંદ્ર— ૬૩

ધીક ધીક જીવતર છે મારૂં, દૈવગતી પ્રબળ દીસે ધારૂં,
રંક બને છે રાય પલકમાં, મુરખપર શીરછત્ર ધરામાં;
પંડીત પામે દુખ ખરામાં, ખેલ જુઓ ભાઇ આરે ખલકમાં.
સરયુ સતી મુજ કયાં રહી પ્યારી, ચંદ્ર આયુષ વૃથા તારૂં. ધીક.

પ્રતાપ ભાનુ અને
દરબારીઓ— ૬૪

ઠાર ઠાર મારૂં દાર, અસી કસીને આ વાર;
પાર પાર કરૂ પાર, પાપીનો કરૂં સંહાર.
સહુ લશ્કર છે તૈયાર, મહારાજ હુકમની વાર;
શાહબાશ શાહબાશ, મારા સુરા સરદાર. ઠાર.
હીમત ધરી હથીયાર, તૈયાર કરો તલવાર;
પહોંચાડો પાપીને, જમ દ્વાર દ્વાર દ્વાર. ઠાર.

સ

આવો

આનંદે

વાહ વાહ રસા

પતી પ્યારપર હું

છો તું દીલદાર,

હૈયાના હાર.

વાહ પ્યારી, સુખકારી.

છબીલી આ, છોગાળા

રમુ રસ રંગે, વાહ વાહરે વાહ.

ર,

,પકાર;

તારી,

રી.　　　સજ્જનો.

ારી,

. વારી.　　　સજ્જનો.

નાસ.